# સીટી ઓફ બ્રેમ્પટન જૂન 30 થી રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું પગલું બે પર સુરક્ષિત રીતે આગળ વધવાની તૈયારી કરી રહ્યું છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 24, 2021) – ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ આજે કરેલી ઘોષણા પછી, સીટી ઓફ બ્રેમ્પટન આ બુધવાર, જૂન 30 નાં રોજ મળસ્કે 12:01 વાગ્યાથી રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું પગલું બે પર સુરક્ષિત રીતે આગળ વધવાની તૈયારી કરી રહ્યું છે. આ પગલું જાહેર આરોગ્ય સૂચકાંકોની અવિરત સુધારણા અને સ્થાનિક જાહેર આરોગ્ય એકમો, આરોગ્ય સંભાળ ભાગીદારો, મ્યુનિસિપાલિટીઓ સાથેની ભાગીદારીમાં પ્રોવિન્સની રસીકરણની શરૂઆત, અને આપણાં સમુદાયના ચાલુ સમર્પણને આભારી થતા સમયપત્રકથી બે દિવસ પહેલાં શરૂ થશે.

જૂન 30 થી, રિઓપન કરવા પ્રોવિન્સના રોડમેપનું પગલું બે હેઠળ નીચેના નિયમો અને ઉપાયો અમલમાં આવશે:

- આઉટડોર સામાજિક હળવું-મળવું અને આયોજિત જાહેર પ્રસંગો માટે મર્યાદાઓ 25 લોકો સુધી
- ઈનડોર સામાજિક હળવું-મળવું અને આયોજિત જાહેર પ્રસંગો માટે મર્યાદાઓ પાંચ લોકો સુધી
- આઉટડોર ડાઈનિંગ, ટેબલ દીઠ છ લોકો સુધી
- અનિવાર્ય રિટેઈલ 50 ટકા ક્ષમતા સુધી
- અનિવાર્ય-સિવાયનું રિટેઈલ 25 ટકા ક્ષમતા સુધી
- લગ્ન સમારંભ અને અંતિમક્રિયા સહિતની ઈનડોર ધાર્મિક સેવાઓ, વિધિઓ, કે સમારંભોમાં 25 ટકા સુધીની ક્ષમતાને જ્યારે આઉટડોરમાં 2 મીટરનું અંતર જાળવી શકતા લોકોની સંખ્યા સુધી મર્યાદિત પરવાનગી મળે છે
- રાત્રી રોકાણવાળા (ઓવરનાઈટ) કેમ્પ્સ
- અંગત સંભાળ સેવાઓની પરવાનગી 25 ટકા જેટલી મર્યાદામાં મહત્તમ 5 લોકો સુધી મળે છે, માસ્ક્સ બધાં સમયે પહેરવો રહ્યો અને એપોઈન્ટમેન્ટ્સ લેવી અનિવાર્ય છે
- આઉટડોર મીટિંગ અને ઈવેન્ટ સ્પેસ 25 ટકા સુધી મર્યાદિત કરવામાં આવી છે જેની સાથે સાથે ઈનડોર મીટિંગ્સ અને ઈવેન્ટ સ્પેસ બંધ રહે છે
- આઉટડોર એમ્યુઝમેન્ટ અને વોટર પાર્ક્સ 25 ટકા સુધી મર્યાદિત રહે છે
- લોકો 3 મીટરનું અંતર જાળવે ત્યાં સુધી આઉટડોર ફિટનેસ વર્ગોની પરવાનગી મળે છે
- આઉટડોર સ્પોર્ટ જે અન્ય વ્યક્તિના સંપર્કમાં આવ્યા વગર અથવા સંપર્ક ટાળવા સુધારીને રમાય, જેમાં કેટલાક પ્રતિબંધો અમલમાં હોય
- આઉટડોર સ્પોર્ટ્સ લીગ્સ, ગેમ્સ અને ઈવેન્ટ્સ 25 ટકા સુધી મર્યાદિત રહે છે
- વ્યવસાયિક રમતવીરો/સમૂહો/દિવસના કેમ્પ્સ વગેરે માટેના અપવાદ સાથે ઈનડોર સ્પોર્ટ્સ લીગ્સ, ગેમ્સ અને ઈવેન્ટ્સની પરવાનગી મળતી નથી.
- આઉટડોર સિનેમા, પરફોર્મિંગ આર્ટ્સ, જીવંત સંગીત સમારોહ અને આકર્ષણો 25 ટકા સુધી મર્યાદિત રહે છે

પ્રોવિન્સનો રોડમેપ ટૂ રિઓપન ત્રણ પગલાનો પ્લાન છે જે સુરક્ષિત રીતે અને સાવચેતીપૂર્વક પ્રોવિન્સને રિઓપન કરે છે અને મહત્વના જાહેર આરોગ્ય અને આરોગ્ય સંભાળ સૂચકાંકોમાં સમગ્ર પ્રોવિન્સમાં રસીકરણ દર અને સુધારાઓ આધારિત જાહેર આરોગ્ય ઉપાયો ધીરે ધીરે ઉઠાવી લેવામાં આવશે.

પ્રોવિન્સનું સમાચાર પ્રકાશન અહીં વાંચો.

**સીટી સેવાઓ અને સગવડો**

સીટીની આઉટડોર મનોરંજનલક્ષી સવલતો

પગલું બે દરમિયાન છૂટ અપાનારી ઉપલબ્ધ આઉટડોર મનોરંજનલક્ષી સવલતોમાં ગોલ્ફ કોર્સીસ અને ડ્રાઈવિંગ રેન્જીસ, સોકર અને અન્ય રમતના મેદાનો, બેઝબૉલ ડાયમન્ડ્સ અને બેટિંગ કેજીસ, ટેનિસ અને બાસ્કેટબૉલ કોટ્સ, લૉન બોલિંગ અને બૉચી, અને BMX અને સ્કેટ પાર્ક્સ, અને વૅડિંગ પૂલ્સ અને સ્પ્લૅશ પૅડ્સનો સમાવેશ થાય છે. પ્રોફેસર્સ લૅક બીચ અને અલડોરાડો પાર્કનું આઉટડોર પૂલ આગામી સીઝન માટે જૂન 30 થી ફરી ખુલવા નિર્ધારિત છે, જો હવામાન અને પાણીની સ્થિતિ અનુકૂળ રહે.

સીટીની ચોક્કસ સવલતો માટે COVID-19 આરોગ્ય અને સુરક્ષા ઉપાયોના સંબંધમાં રિઓપન થવાનો સમય અને વિગતો જોવા કૃપા કરી વેબસાઈટ જુઓ, www.brampton.ca/summerfun.

સ્પ્લૅશ પૅડ્સ અને વૅડિંગ પૂલ્સ

સીટીના સ્પ્લૅશ પૅડ્સ દરરોજ સવારે 10 થી રાત્રે 9 વાગ્યા સુધી ખુલ્લા રહેશે. ચિંગકુસી પાર્કમાંનું વૅડિંગ પૂલ જૂન 26 થી સવારે 10 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી દરરોજ મુલાકાત માટે ખુલ્લું રહેશે, જો હવામાન અનુકૂળ રહે. વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવું અનિવાર્ય છે અને રહેવાસીઓને હાજર રહેતા પહેલાં COVID-19 લક્ષણો માટે જાતે તપાસ કરવાનું કહેવામાં આવે છે. સ્પ્લૅશ પૅડ અને વૅડિંગ પૂલ્સના સ્થળો અને સંચાલનના કલાકોની યાદી અહીં ઉપલબ્ધ છે.

સમર કેમ્પ્સ

રૂબરૂમાં કેમ્પ્સ

રૂબરૂમાં સમર કેમ્પ્સ બાળકો અને જુવાનિયાઓ માટે જુલાઈ 5 થી શરૂ થશે. નોંધણી હજુ પણ ઓનલાઈન ઉપલબ્ધ છે, www.brampton.ca/reccamps. કેમ્પ્સમાં પ્રવૃત્તિઓ જેમ કે ગેમ્સ, સ્પોર્ટ્સ, ક્રાફ્ટ્સ અને ઘણીનો સમાવેશ થાય છે, જે સોમવારથી શુક્રવાર સવારે 8:45 થી સાંજે 5:15 વાગ્યા સુધી ચાલશે. ઓગસ્ટ 2 થી શરૂ થતું અઠવાડિયું જાહેર રજાને લીધે ટૂંકા અઠવાડિયા તરીકે ચાલશે. ફી અલગ અલગ છે. નોંધણી કરાવવા 311 નંબર પર કૉલ કરો અથવા વેબસાઈટ જુઓ, www.brampton.ca/reccamps.

વર્ચ્યુઅલ કેમ્પ્સ

પોતાના સમોવડિયાઓ અને કુટુંબીજનો સાથે વાસ્તવિક સમયે પારસ્પરિક સંવાદ કરતી વખતે, વર્ચ્યુઅલ કેમ્પ્સ 4 થી 6 અને 6 થી 10 વર્ષની ઉંમરના સહભાગીઓને નવી મિત્રતા કરવાની, પોતાની સામાજિક આવડતો વધારવાની, અને પોતાની ગતિએ રોમાંચક પ્રોજેક્ટ્સ પર કામ કરવાની તક આપે છે. સર્વગ્રાહી (ઈન્ક્લુઝન) વર્ચ્યુઅલ કેમ્પ્સ 6 થી 13 અને 14 થી 20 વર્ષની ઉંમરના સહભાગીઓ માટે પણ ઉપલબ્ધ થશે. સીટી ઓફ બ્રેમ્પટનના તાલીમબદ્ધ શિક્ષકો WebEx પ્લેટફોર્મનો ઉપયોગ કરીને બધાં કાર્યક્રમોની આગેવાની કરશે. નોંધણી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, www.brampton.ca/recathome.

**રસીકરણ**

પીલમાં રહેનાર, કામ કરનાર કે સ્કૂલે જનાર અને 12 કે વધારે વર્ષની કોઈપણ વ્યક્તિ પોતાની પહેલા ડોઝની એપોઈન્ટમેન્ટ નોંધાવી શકે છે. 18 અને વધારે વર્ષની ઉંમરના લોકો માટે પહેલા અને બીજા ડોઝ વચ્ચેનો સમય ઓછાંમાં ઓછો 28 દિવસ, અને 12 થી 17 વર્ષની ઉંમરના જુવાનિયાઓ માટે ઓછાંમાં ઓછો 8 અઠવાડિયાનો હોવો રહ્યો.

જૂન 27 સુધીમાં, 12 થી 17 વર્ષની ઉંમરના જુવાનિયાઓ પોતાના બીજા ડોઝનું બુકિંગ કે રિસ્કેડ્યુલ (નવું બુકિંગ) કરાવી શકે છે

COVID-19 રસીકરણ પર સૌથી અદ્યતન માહિતી માટે, પ્રોવિન્સનું વેક્સિન પોર્ટલ જુઓ.

**કડીઓ (લિંક્સ)**

- સીટી ઓફ બ્રેમ્પટન COVID-19 પ્રોગ્રામિંગ અને સર્વિસ અપડેટ્સ

- સીટી ઓફ બ્રેમ્પટન – શું ખુલ્લું છે, શું બંધ છે
- COVID-19 નાં લક્ષણો
- COVID-19 વેક્સીન (રસી)
- બ્રેમ્પટનમાં ટેસ્ટિંગ
- સેલ્ફ-આઈસોલેટ કેવી રીતે થવું
- COVID-19 દરમિયાન ધંધાઓ અને કાર્યસ્થળોને સુરક્ષિત રાખવા
- પીલમાં COVID-19 નાં કેસીસ

-30-

**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રૅમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca